**સચિત્ત-શીત-સંવૃતાઃ સેતરાઃ મિશ્રાઃ ચ એકશઃ તદ્યોનયઃ —**

તદ્યોનયઃ = તત્ યોનયઃ (ઉત્પત્તિસ્થાન) — સૂત્ર 2:33

સૂત્રાર્થ: [જીવોની યોનિ] ઉત્પત્તિસ્થાન સચિત્ત - શીત - સંવૃત્ત એ ત્રણ પ્રકારે તથા એ ત્રણના પ્રતિપક્ષી [અચિત્ત - ઉષ્ણ - વિવૃત્ત] તથા મિશ્ર [સચિત્તાચિત્ત - શીતોષ્ણ અને સંવૃત્તવિવૃત્ત એમ કુલ નવ પ્રકારે] હોય છે.

ભાવાર્થ: યોનિ એટલે ઉત્પત્તિ સ્થાન. ઉત્પત્તિસ્થાનો અસંખ્ય છે. જે જે સ્થાનોમાં કંઈ સમાનતા હોય તે સમાનતા ને આશ્રયીને તેઓનું એક સ્થાન ગણેલ છે. આવી સમાનતા શાસ્ત્રીય રીતે ૯ પ્રકારે બતાવી છે.

(૧) વર્ણ - ગંધ - રસ - સ્પર્શ - સંસ્થાન એ પાંચની સમાનતાના આધારે જે ઉત્પત્તિ સ્થાન હોય તે સર્વ એક યોનિ ગણાય છે. એવી કુલ ૮૪ લાખ યોનિ છે.

| જીવો ના પ્રકાર | મૂળ ભેદ | વર્ણ-ગંધ-રસ સ્પર્શ - સંસ્થાન ૫ x ૨ x ૫ x ૮ x ૫ = | કુલ જીવ યોનિ |
|---|---|---|---|
| પૃથ્વીકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| અપકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| તેઉકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| વાઉકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૫૦૦ | ૨૦૦૦ | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | ૭૦૦ | ૨૦૦૦ | ૧૪ લાખ |
| બેઇન્દ્રિય | ૧૦૦ | ૨૦૦૦ | ૨ લાખ |
| તેઇન્દ્રિય | ૧૦૦ | ૨૦૦૦ | ૨ લાખ |
| ચઉરિન્દ્રિય | ૧૦૦ | ૨૦૦૦ | ૨ લાખ |
| દેવતા | ૨૦૦ | ૨૦૦૦ | ૪ લાખ |
| નારકી | ૨૦૦ | ૨૦૦૦ | ૪ લાખ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૨૦૦ | ૨૦૦૦ | ૪ લાખ |
| મનુષ્ય | ૭૦૦ | ૨૦૦૦ | ૧૪ લાખ |
| | | | ૮૪ લાખ |

સૂત્ર ૨:૩૩ ભાવાર્થ (ચાલુ)

(૧) સચિત્ત - શીત અને સંવૃતતાની દૃષ્ટિએ નવ ભેદે યોનિ ગણાવી છે.

પ્રથમ ત્રણ ભેદ: (૧) સચિત્ત (૨) અચિત્ત (૩) મિશ્ર - (સચિત્ત-અચિત્ત)

બીજા ત્રણ ભેદ: (૧) શીત (૨) ઉષ્ણ (૩) મિશ્ર - (શીતોષ્ણ)

ત્રીજા ત્રણ ભેદ: (૧) સંવૃત (૨) અસંવૃત (વિવૃત) (૩) મિશ્ર - (સંવૃત-અસંવૃત)

સચિત્ત: જે યોનિ જીવ પ્રદેશોથી અધિષ્ઠિત - વ્યાપ્ત હોય (Possessed of living entities)

અચિત્ત: જે યોનિ જીવ પ્રદેશોથી વ્યાપ્ત ન હોય (devoid of living entities)

મિશ્ર: જે યોનિના કેટલાક ભાગમાં જીવ અધિષ્ઠિત હોય અને કેટલાક ભાગમાં જીવ અધિષ્ઠિત ન હોય

શીત: જે યોનિ શીત સ્પર્શયુક્ત હોય

ઉષ્ણ: જે યોનિ ઉષ્ણ (warm) સ્પર્શયુક્ત હોય

મિશ્ર: જે યોનિનો અમુક ભાગ શીત અને અમુક ભાગ ઉષ્ણ હોય

સંવૃત: જે યોનિ ઢંકાયેલી (covered) હોય

અસંવૃત: જે યોનિ ખુલ્લી (uncovered) હોય

મિશ્ર: જે યોનિ અમુક અંશે ઢંકાયેલી અને અમુક અંશે ખુલ્લી હોય.

કોને કઈ યોનિ હોય?

| જીવનો પ્રકાર | યોનિના પ્રકાર |
|---|---|
| (૧) નારક અને દેવ | અચિત્ત |
| (૨) ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ | સચિત્ત+અચિત્ત |
| (૩) એકેન્દ્રિય થી ચઉરિન્દ્રિય તથા સંમૂર્છિમ મનુષ્ય | મિશ્ર |
| (૪) ગર્ભજ મનુષ્ય - ગર્ભજ તિર્યંચ તથા દેવ | શીતોષ્ણ (મિશ્ર) |
| (૫) તેઉકાય (અગ્નિકાય) | ઉષ્ણ |
| (૬) એકેન્દ્રિય થી ચઉરિન્દ્રિય તથા નારક | શીત - ઉષ્ણ - મિશ્ર |
| (૭) દેવ, નારક તથા એકેન્દ્રિય | સંવૃત |
| (૮) વિકલેન્દ્રિય તથા સંમૂર્છિમ પંચેન્દ્રિય | વિવૃત |
| (૯) ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ | મિશ્ર |

## જરાયુ - અંડ - પોતજાનાં ગર્ભ: ———— 2:3૪

સૂત્રાર્થ: જરાયુજ, અંડજ અને પોતજ (જન્મવાળા) પ્રાણીઓનો ગર્ભરૂપ જન્મ હોય છે.

ભાવાર્થ: જરાયુ એટલે ગર્ભાશયમાં પ્રાણીની ઉપર રહેલું માંસ અને લોહીનું પડ અર્થાત્ જીવ ઉપર વીંટાયેલો જાળનો પારદર્શક પડદો. તેને ગુજરાતીમાં ઓર અને શાસ્ત્રમાં જરાયુ કહે છે. તે જરાયુમાં વીંટાયેલો જન્મ જેનો છે તે **જરાયુજ**. મનુષ્ય, ગાય, ભેંસ, બળદ, બકરી, ઘોડો, ઊંટ, હરણ, વાઘ, સિંહ, રીંછ, કૂતરો, બિલાડી વગેરે જરાયુજ છે.

અંડજ એટલે ઈંડા સ્વરૂપે જન્મ જેનો છે તે. જેમ કે સર્પ, ચંદનઘો, ગરોળી, માછલી, કાચબો, મગર, હંસ, પોપટ, કબૂતર, કાગડો, મોર વગેરે.

પોતજ એટલે કોઈપણ પ્રકારના આવરણથી વીંટાયા વિના, યોનિમાંથી પ્રસવ થતાં જ હરવા-ફરવાના સામર્થ્યવાળા હોય. જેમકે હાથી, સસલું વગેરે.

ઉપર દર્શાવેલા ત્રણે પ્રકારો ગર્ભજ જન્મના છે, કારણ કે આ ત્રણે પ્રકારના જન્મમાં સ્ત્રી-પુરુષના સંયોગની અવશ્ય અપેક્ષા હોય છે.

## નારક દેવાનામ્ ઉપપાત: ———— 2:3૫

સૂત્રાર્થ: નારક અને દેવોનો ઉપપાત જન્મ હોય છે.

ભાવાર્થ: દેવ અને નારકો પોતપોતાના ઉત્પન્ન થવાના ચોક્કસ સ્થાનોમાં અન્તર્મુહૂર્તમાં જ ઉત્પન્ન થઈ જન્મ પામતા હોવાથી તેમનો જન્મ ઉપપાત કે ઔપપાતિક (sudden manifestation or spontaneous emergence) કહેવાય છે.

દેવલોકમાં અમુક સ્થળે વિશિષ્ટ પ્રકારની શય્યા હોય છે. જેમાં ઉત્પન્ન થયેલો જીવ પોતાના શરીરની ઊંચાઈ, કાંતિ, યુવાવસ્થા વગેરે પૂર્ણ કરીને અંતર્મુહૂર્તમાં જન્મે છે. પુણ્યબળથી તેમને ગર્ભના દુ:ખનો અનુભવ કરવો પડતો નથી.

નારકોને ઉત્પન્ન થવા માટે ગોખલા આકારના સ્થાનો (કુંભી) હોય છે. તેઓ પણ દેવોની માફક અંતર્મુહૂર્તમાં જ શરીરની ઊંચાઈ વગેરે પૂર્ણ કરી જન્મ લે છે. પાપની પ્રબળતાને કારણે તે સમયે નારકના જીવોને અતિશય દુ:ખ થાય છે.

## શેષાણાં સમ્મૂર્છનમ્ ——— ૨:૩૬

સૂત્રાર્થ: [ઉપરના બે સૂત્રોમાં કહ્યા સિવાયના] બાકીના જીવોનો સંમૂર્છન જન્મ હોય છે. (Agglutination birth)

ભાવાર્થ: ઉપરના બે સૂત્રોમાં ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો તથા નારક-દેવોના જન્મની વાત કરી. બાકી રહેલા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને અગર્ભજ મનુષ્યનો (અસંજ્ઞી) સંમૂર્છન જન્મ હોય છે. સ્ત્રી-પુરુષના સંસર્ગ વિના જ ઉત્પન્ન થાય છે. જન્મ લાયક સામગ્રી જ્યાં મળી જાય, માટી-પાણી-મલિન પદાર્થ વગેરે અનેક સ્થાનોમાં જન્મ થઈ જાય તેને સંમૂર્છન જન્મ કહે છે. સંમૂર્છન પ્રાણીઓ નપુંસક વેદ વાળા જ હોય છે. નપુંસકોથી દ્રવ્ય મૈથુન શક્ય જ નથી. તેમની મૈથુન ચેષ્ટામાં મૈથુન સંજ્ઞા તથા પૂર્વકૃત સંસ્કારો નિમિત્તભૂત છે.

જો દુઃખમાંથી સુખ તરફ ગતિ કરવી હોય તો ઉપપાત જન્મમાં દેવગતિને શ્રેષ્ઠ કહી છે. જો શાશ્વત સુખ મેળવવું હોય તો પંચમગતિ (મોક્ષ) એકમાત્ર ઉપાય છે. તે માટે હંમેશ ગર્ભજન્મ એક ઉપાય છે. અને તેમાં પણ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય જન્મ જ એક ઉપાય છે. તેથી ત્રણે સૂત્રોનો સાર એ છે કે સંપૂર્ણ સુખ જોઈતું હોય તો જરાયુજ ગર્ભજ જન્મના સ્વામી એવું મનુષ્યપણું જ એકમાત્ર વિકલ્પ છે.

## ઔદારિક - વૈક્રિય - આહારક - તૈજસ - કાર્મણાનિ શરીરાણિ ... ૨:૩૭

સૂત્રાર્થ: ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એમ (પાંચ ભેદે) શરીરો છે.

ભાવાર્થ: કોઈપણ ભવ પરભવમાં ઉત્પન્ન થયા પછી સૌથી પ્રથમ આહાર ગ્રહણ કરીને અને પચન બનવાના આધારભૂત શરીર બનાવે છે. હાડકા, માંસ, ચરબી, રુધિર વગેરે સાત ધાતુઓનું બનેલું જે શરીર તે ઔદારિક શરીર. ઔદારિક શરીરના પુદ્ગલો અન્ય સર્વ શરીરના પુદ્ગલોથી વધારે સ્થૂલ હોય છે. દેવ અને નારકીના સિવાય સર્વ જીવોનું મૂળ શરીર ઔદારિક હોય છે.

જીવની પર્યાપ્તિઓ સમજવા માટે હવે આપણે પાંચ પ્રકારના શરીરો વિશે થોડી સમજણ મેળવીએ.

(૧) <u>ઔદારિક શરીર</u>: ઉદાર એટલે સ્થૂલ. ઉદાર (સ્થૂલ) પુદ્ગલોથી બનેલું શરીર ઔદારિક. ઔદારિક શરીરના પુદ્ગલો અન્ય શરીરના પુદ્ગલોથી વધારે સ્થૂલ હોય છે. દેવ અને નારક સિવાય સર્વ જીવોનું મૂળ શરીર ઔદારિક હોય છે. → (પાછળ)

(૨) <u>વૈક્રિય શરીર</u>: જે શરીર નાનામાંથી મોટું, મોટામાંથી નાનું, એકમાંથી અનેક, અનેકમાંથી એક એમ વિવિધ સ્વરૂપે બનાવી શકાય તે વૈક્રિય. (પ્રત્યય એટલે નિમિત્ત)
વૈક્રિય શરીરના બે ભેદ છે. (૧) ભવ પ્રત્યય અને (૨) લબ્ધિ પ્રત્યય
<u>દેવ, નારકના જીવોને ભવ પ્રત્યયિક વૈક્રિય શરીર હોય છે</u>; અર્થાત દેવ કે નારક રૂપે જન્મ લેતાં જ વૈક્રિય શરીર ઉત્પન્ન થાય અને છેક મૃત્યુ સુધી વૈક્રિય શરીર જ હોય.

વૈક્રિય <u>લબ્ધિ</u> પ્રાપ્ત કરનાર કોઈ મનુષ્ય (કે તિર્યંચને) લબ્ધિ પ્રત્યયિક શરીર હોય છે. વૈક્રિય શરીરધારી પોતાની ઇચ્છા પ્રમાણે વિવિધરૂપે શરીર બનાવી શકે. દા.ત. રાવણ

(૩) <u>આહારક શરીર</u>: ચૌદ પૂર્વધર મુનિ જે શરીરની રચના કરે તે આહારક શરીર. ચૌદ પૂર્વધર એક હાથ પ્રમાણ સૂક્ષ્મ અને દિવ્ય શરીર બનાવીને તે શરીરને તીર્થંકરની ઋદ્ધિ જોવા અથવા તીર્થંકરોને પ્રશ્ન પૂછવા મોકલે છે. ચૌદ પૂર્વધર દરેક મુનિ આ શરીર ન બનાવી શકે. જેમને આહારકલબ્ધિ પ્રાપ્ત થઈ હોય તે જ મુનિ આ શરીર બનાવી શકે. પરંતુ <u>આહારક લબ્ધિ</u> <u>ચૌદ પૂર્વધર મુનિને જ પ્રાપ્ત થાય</u> તે સિવાય કોઈને પ્રાપ્ત ન થાય એ નિયમ છે.

(૪) **તૈજસ શરીર:** ખાધેલા ખોરાકને પચાવવામાં કારણભૂત શરીર તૈજસ શરીર કહેવાય છે. આપણા શરીરમાં અને જઠરાગ્નિમાં જે ગરમી વર્તાય છે તે પણ એક જાતનું શરીર છે. જો આ શરીર ન હોય તો આપણે ખોરાકને પચાવી જ ન શકીએ અને આપણા શરીરમાં ગરમી પણ ટકી ન શકે. મૃત્યુ થતાં તૈજસ શરીર ન હોવાથી શરીર (ઔદારિક શરીર) ઠંડુ પડી જાય છે. તૈજસ શરીરના સહજ શરીર અને લબ્ધિ પ્રત્યય શરીર એમ બે ભેદ છે.

ઉપર સમજાવ્યા પ્રમાણે જે તૈજસ શરીર છે તે સહજ શરીર કહેવાય છે. આ શરીર સંસારમાં સર્વ પ્રાણીઓને હોય છે.

વિશિષ્ટ તપ આદિથી ઉત્પન્ન થતી તેજોલબ્ધિ (તેજોલેશ્યા) તે લબ્ધિપ્રત્યય તૈજસ શરીર છે; એના બે પ્રકાર છે. શીતલેશ્યા અને ઉષ્ણ (તેજો) લેશ્યા. [illegible]

ઉષ્ણ તેજોલબ્ધિના ઉપયોગથી અન્ય જીવને ઘણું નુકશાન થાય છે અને શીત તેજોલબ્ધિના ઉપયોગથી અન્ય જીવ ઉપર ઉપકાર થાય છે. જેમકે વૈશિકાયન તાપસે તેજોલબ્ધિના ઉપયોગથી ગોશાળાને મારવા તેના ઉપર તેજોલેશ્યા મૂકી, પરંતુ મહાવીર ભગવાને શીતલેશ્યા મૂકીને તેને બચાવી લીધો.

(૫) **કાર્મણ શરીર:** આત્માની સાથે ક્ષીરનીરવત્ (દૂધ અને પાણીની જેમ) એકમેક થયેલા કર્મોનો સમૂહ એ જ કાર્મણ શરીર છે. આત્મા સાથે બંધાયેલા કર્મો એ જ કાર્મણ શરીર.

તૈજસ અને કાર્મણ, આ બે શરીર દરેક જીવને અવશ્ય હોય છે. જીવનો સંસાર અનાદિથી હોવાથી આ શરીર પણ અનાદિથી છે. ભવાંતરમાં પણ આ બે શરીર સાથે જ આવે છે. મોક્ષ થાય ત્યારે જ આ બે શરીર છૂટે છે. સિદ્ધના જીવોને કોઈ શરીર હોતા નથી. એક જીવને એકી સાથે ઓછામાં ઓછા બે અને વધુમાં વધુ ચાર શરીર હોઈ શકે. ત્રણ શરીર હોય ત્યારે તૈજસ, કાર્મણ, ઔદારિક અથવા તૈજસ, કાર્મણ, વૈક્રિય. ચાર શરીર હોય ત્યારે તૈજસ, કાર્મણ, ઔદારિક, વૈક્રિય અથવા તૈજસ, કાર્મણ, ઔદારિક અને આહારક હોય. વૈક્રિય અને આહારક શરીર એકી સાથે ન હોય. [illegible]

**પરં પરં સૂક્ષ્મમ્ ——— ૨:૩૮**

સૂત્રાર્થ: [ઔદારિક વગેરે જે પાંચ શરીરો ૩૭ મા સૂત્રમાં જોયા તેમાં] પૂર્વના શરીર કરતા પછી પછીનું શરીર વધારે સૂક્ષ્મ છે.

ભાવાર્થ: ઔદારિક કરતા વૈક્રિય શરીર સૂક્ષ્મ છે. વૈક્રિયથી આહારક શરીર સૂક્ષ્મ છે. આહારકથી તૈજસ શરીર સૂક્ષ્મ છે અને તૈજસ શરીરથી કાર્મણ શરીર સૂક્ષ્મ છે. અહીં સૂક્ષ્મતા કે સ્થૂળતાનો સંબંધ "ઘનતા" સાથે છે. ઘનતા એટલે અધિક પુદ્ગલોનો અલ્પ પરિમાણમાં સમાવેશ. ટૂંકમાં પુદ્ગલોનું પરિમાણ જેમ વધુ તેમ તેની સૂક્ષ્મતા વધુ. જેમ કે લાકડાનો એક ટુકડો અને તે જ પ્રમાણમાં લોખંડનો ટુકડો લઈએ તો બંનેના પરિમાણ સમાન દેખાતા હોવા છતાં પુદ્ગલ દ્રવ્ય લોખંડમાં અધિક હોવાથી તે સઘન લાગશે. આ સઘનતા તે જ સૂક્ષ્મતા. બસ આ જ રીતે ઉત્તર ઉત્તર શરીરોને પૂર્વ-પૂર્વ શરીરની અપેક્ષાએ સૂક્ષ્મ કહ્યા છે.

**પ્રદેશતઃ અસંખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્ ——— ૨:૩૯**

સૂત્રાર્થ: (પાંચ શરીરોમાં) તૈજસની પૂર્વેના (પહેલાના) ત્રણ શરીરો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યગુણા છે.

ભાવાર્થ: જેના બે વિભાગ ન થઈ શકે તેવો અંતિમ સૂક્ષ્મ અવિભાજ્ય ભાગ તે પ્રદેશ કહેવાય. ~~[illegible]~~ આચાર્યશ્રી આ સૂત્રમાં જણાવે છે કે તૈજસ શરીરની પૂર્વના ત્રણ શરીરો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાત ગુણા છે. એટલે કે ઔદારિક શરીરના જેટલા પ્રદેશો છે તેનાથી અસંખ્યાત ગુણા વૈક્રિય શરીરના પ્રદેશ છે અને જેટલા વૈક્રિય શરીરના પ્રદેશ છે તેનાથી અસંખ્યાત ગુણા આહારક શરીરના પ્રદેશ હોય છે. અહીં જે પૂર્વ શરીર કરતા ઉત્તર ઉત્તર બંને શરીરના પ્રદેશ ~~[illegible]~~ અસંખ્યાત ગુણા કહ્યા છે તેનું કારણ એ કે ઉત્તરોત્તર શરીર વધારે ઘન હોય છે. જેમ કે સમાન ક્ષેત્રમાં રહેલા રૂ (cotton) કરતા સોનાના પુદ્ગલો વધારે હોય છે. રૂ શિથિલ છે અને સુવર્ણ ઘન છે. તેજ રીતે ઔદારિક શરીર કરતા વૈક્રિય શરીર ઘન છે તેની અપેક્ષાએ આહારક શરીર વધુ ઘન અર્થાત સૂક્ષ્મ છે.

## અનન્તગુણે પરે ——————— ૨:૪૦

સૂત્રાર્થ: (આહારક) પછીના બંને શરીરોના પ્રદેશો (સ્કંધો) ક્રમશ: અનંતગુણા છે.

ભાવાર્થ: તૈજસ અને કાર્મણ એ છેલ્લા બે શરીર, પ્રદેશોની અપેક્ષાએ પૂર્વ-પૂર્વના શરીર કરતા અનન્તગુણા છે, એટલે કે આહારક શરીરના પ્રદેશોથી તૈજસ શરીરના પ્રદેશો અનંતગુણા છે. તૈજસ શરીરના પ્રદેશો (સ્કંધ) કરતા કાર્મણ શરીરના પ્રદેશો અનંતગુણા છે.

## અપ્રતિઘાતે ——————— ૨:૪૧

સૂત્રાર્થ: [તૈજસ અને કાર્મણ શરીર] પ્રતિઘાત રહિત છે.

ભાવાર્થ: આ બે શરીર કોઈપણ જાતના પ્રતિઘાત (રોકાવટ) વિના સંપૂર્ણ લોકમાં ગમે ત્યાં જઈ શકે છે. કોઈપણ વસ્તુ તેમને અટકાવી શકતી નથી.

જો કે વૈક્રિય અને આહારક શરીરને પણ કોઈ વસ્તુ અટકાવી શકતી નથી. તેથી વૈક્રિય અને આહારક શરીર પણ અપ્રતિઘાતી કહી શકાય. પરંતુ અમર્યાદિત ક્ષેત્રમાં કોઈ રોકે ન અહીં અપ્રતિઘાતિનો અર્થ સંપૂર્ણ લોકમાં રોક નહીં અર્થ કરવો. વૈક્રિય અને આહારક શરીરની ગતિ ફક્ત ત્રસનાડી પુરતી જ છે સંપૂર્ણ લોકમાં તેની ગતિ નથી. પરંતુ તૈજસ કાર્મણ શરીરવાળા જીવની ગતિ તો ત્રસનાડીની અંદર પણ છે બહાર પણ ચૌદ રાજલોકમાં છે.

પ્રશ્ન: આત્મા જ્યારે આ બે શરીર સહિત આવ-જા કરે છે ત્યારે આવતો કે પ્રવેશ કરતો અને જતો કે નીકળતો કેમ દેખાતો નથી?

ઉત્તર: તૈજસ અને કાર્મણ શરીર અત્યંત સૂક્ષ્મ છે અને ચક્ષુ અગોચર છે માટે આવતો કે જતો સ્પષ્ટ દેખાતો નથી.

## અનાદિસમ્બન્ધે ચ ——————— ૨:૪૨

સૂત્રાર્થ: [તૈજસ અને કાર્મણ શરીરનો જીવ સાથે] અનાદિકાળથી સંબંધ છે.

ભાવાર્થ: તૈજસ અને કાર્મણ શરીરનો સંબંધ = એકમેકની સાથે તેમજ આત્માની સાથે અનાદિકાળથી ચાલ્યો આવે છે. આવો સંબંધ પહેલા ત્રણ શરીરોનો જોવા મળતો નથી કેમકે એ ત્રણ શરીરો અમુક સમય પૂરતા જ રહે છે કાયમ રહી શકતા નથી.

જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી જીવની સાથે તૈજસ અને કાર્મણ શરીરોનો સંબંધ રહે જ છે. સંસારી જીવ અનાદિકાળથી સંસારી છે તેથી તૈજસ-કાર્મણ બંને શરીરનો સંબંધ પણ અનાદિનો જ છે. જીવ જ્યારે કોઈ જન્મમાં મૃત્યુ પામે અને અન્ય સ્થળે ઉત્પન્ન થાય ત્યારે અંતરાલ ગતિમાં (મૃત્યુ અને જન્મ વચ્ચેની ગતિમાં) તેને ઔદારિક આદિ પહેલાના ત્રણ શરીરનો નિયમા (સંબંધ) વિયોગ થતો હોય છે. ત્યારે તૈજસ અને કાર્મણ શરીર અંતરાલ ગતિમાં પણ સાથે જ રહે છે. જીવ મુક્ત બને (કર્મ રહિત બને) ત્યારે જ બંનેનો વિયોગ થાય છે.

અભવ્ય જીવ માટે આ બંને શરીરનો સંબંધ અનાદિ અનંત સમજવો. કેમકે અનાદિકાળથી તૈજસ કાર્મણ શરીર જોડાયેલા રહે છે અને અભવ્યજીવ મોક્ષે જાય નહિ માટે અનંતકાળ સુધી તૈજસ-કાર્મણ શરીરનો વિયોગ થવાનો નથી. ભવ્ય જીવો માટે આ સંબંધ અનાદિ સાંત કહેવાય.

## સર્વસ્ય —————— 2:43

સૂત્રાર્થ: [તૈજસ અને કાર્મણ શરીર] બધા [સંસારી જીવોને] ને હોય છે.

ભાવાર્થ: પહેલાના ત્રણ શરીર [ઔદારિક, વૈક્રિય, આહારક] નો સંબંધ બધા સંસારી જીવોને હંમેશા હોતો નથી ક્યારેક તે શરીર હોય અને ક્યારેક ન પણ હોય. પરંતુ તૈજસ-કાર્મણ શરીર સર્વ સંસારી જીવોને સદા સાથે જ હોય છે.

સિદ્ધના જીવો સર્વથા અશરીરી હોય છે. તેથી મુક્ત જીવો માટે તૈજસ-કાર્મણ સંબંધ વિચારણા અસ્થાને છે.

**તદાદીનિ ભાજ્યાનિ યુગપદ્ એકસ્યા ચતુર્ભ્યઃ — ૨:૪૪**

સૂત્રાર્થ: એક જીવને એકી સાથે બે શરીરથી ચાર શરીર હોઈ શકે છે.

ભાવાર્થ: તૈજસ અને કાર્મણ એ બંને શરીરો સર્વ સંસારી જીવોને સંસારકાળ પર્યંત અવશ્ય હોય છે, પરંતુ ઔદારિક આદિ શરીરો બદલાતા રહે છે. તેથી તે શરીરો ક્યારેક હોય છે ને ક્યારેક નથી હોતા.

જ્યારે બે શરીર હોય ત્યારે તૈજસ અને કાર્મણ હોય છે.

જ્યારે ત્રણ શરીર હોય ત્યારે બે વિકલ્પ છે

(૧) તૈજસ - કાર્મણ અને ઔદારિક શરીર હોય અથવા

(૨) તૈજસ - કાર્મણ અને વૈક્રિય શરીર હોય

જ્યારે ચાર શરીર હોય ત્યારે પણ બે વિકલ્પ રહે છે.

ચાર શરીર (૧) તૈજસ - કાર્મણ - ઔદારિક અને વૈક્રિય શરીર હોય અથવા

(૨) તૈજસ - કાર્મણ - ઔદારિક અને આહારક શરીર હોય

આમ એકીસાથે એક જીવને બે, ત્રણ અથવા ચાર શરીર હોઈ શકે. પરંતુ એકી સાથે પાંચ શરીરો હોતા નથી. કારણ કે વૈક્રિય શરીર તથા આહારક શરીરની રચના એક જીવમાં એક કાળે થતી નથી.

**નિર્ - ઉપભોગમ્ અન્ત્યમ્ — ૨:૪૫**

સૂત્રાર્થ: અંતનું (જે કાર્મણ શરીર છે તે) ઉપભોગ રહિત છે.
અર્થાત્ તે શરીર વડે સુખ: દુઃખનો ઉપભોગ થતો નથી.

ભાવાર્થ: પરભવમાં જતાં ~~[illegible]~~ ~~[illegible]~~ કાર્મણ શરીરથી સુખ:દુઃખનો અનુભવ, કર્મબંધ, કર્મફળનો અનુભવ અને કર્મ નિર્જરા, આ ચાર થાય થતાં નથી. કાર્મણ શરીર હાથ-પગ વગેરે અવયવોથી અને મન-વચનથી રહિત છે તથા કર્મોના ફળનો અનુભવ અને કર્મ નિર્જરા જેમ ઔદારિક શરીરથી વ્યક્ત રૂપે હોય છે તેમ કાર્મણ શરીરથી હોતા નથી. આમ કાર્મણ શરીરથી ઉપભોગ ન થવાથી ઉપભોગ રહિત છે. કાર્મણ સુખ દુઃખના ફળનો અનુભવ ન થાય પણ અવ્યક્ત રૂપે શરીરથી વ્યક્ત રૂપે સુખ:દુઃખનો અનુભવ ન હોય પણ કર્મોનો ઉદય ચાલે છે તો એ સાચું હોય, કારણ કે અંતરાલ ગતિમાં પણ કર્મોનો ઉદય હોય છે અને કર્મોનો બંધ પણ હોય છે.

ગર્ભ-સંમૂર્છનજમ્-આદ્યમ્ ——— 2:46

સૂત્રાર્થ: [illegible] ગર્ભજ અને સંમૂર્છિમ જીવોને ઔદારિક શરીર હોય છે.

ભાવાર્થ: ઔદારિક શરીર ગર્ભજ જન્મવાળા તિર્યંચ અને મનુષ્યોને હોય છે. તથા સંમૂર્છન જન્મવાળા એકેન્દ્રિય-વિકલેન્દ્રિય જીવોને પણ ઔદારિક શરીર જ હોય છે. ટૂંકમાં એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોને ઔદારિક શરીર હોય છે. ગર્ભજ અને સંમૂર્છન જન્મવાળાને ઔદારિક શરીર હોય છે.

વૈક્રિયમ્-ઔપપાતિકમ્ ——— 2:47

સૂત્રાર્થ: વૈક્રિય શરીર ઉપપાત જન્મવાળા [દેવ-નારકી]ને હોય છે.

લબ્ધિ-પ્રત્યયં-ચ ——— 2:48

સૂત્રાર્થ: લબ્ધિ પ્રત્યયિક અર્થાત લબ્ધિરૂપ નિમિત્તથી પણ વૈક્રિય શરીર હોય છે.

બંને સૂત્રોનો સાથે ભાવાર્થ વિચારીએ:

ભાવાર્થ: ઔપપાતિક વૈક્રિય શરીર બે પ્રકારનું છે. ભવધારણીય (દેવ-નારકી) વૈક્રિય શરીર અને ઉત્તર વૈક્રિય. ભવધારણીય જન્મથી મૃત્યુ સુધી હોય છે. ઉત્તર વૈક્રિય જ્યારે [illegible] જરૂર જણાય ત્યારે બનાવે છે. આ બંને પ્રકારનું વૈક્રિય શરીર ઉપપાત જન્મવાળાને હોય છે.

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યોને અને વાયુકાયના જીવોને લબ્ધિપ્રત્યય (લબ્ધિરૂપ નિમિત્તથી) વૈક્રિય શરીર હોય છે. કેટલાક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યોને તપના બળથી લબ્ધિ ઉત્પન્ન થાય છે. વાયુકાયના જીવોને સ્વભાવિકપણે (ભવના કારણે) લબ્ધિ પ્રાપ્ત થાય છે.

વાઉકાયને માટે આ શરીર જો લબ્ધિ પ્રત્યયિક ના ગણીએ અને ભવ પ્રત્યયિક ગણીએ તો સર્વે વાઉકાયને જન્મથી મરણ સુધી ઉત્તરવૈક્રિય શરીર હોવું જોઈએ પણ તેમ નથી ક્યારેક જ બનાવે છે માટે લબ્ધિપ્રત્યયિક ગણ્યું છે.

**શુભં વિશુદ્ધમ્ અવ્યાઘાતિ ચ આહારકમ્ ચતુર્દશપૂર્વધરસ્યૈવ** — ૨:૪૯

સૂત્રાર્થ: આહારક શરીર શુભ છે, વિશુદ્ધ છે, અવ્યાઘાતી છે, અને ચૌદપૂર્વધર મુનિને જ હોય છે.

ભાવાર્થ: આહારક શરીર અત્યંત શુભ છે કારણ કે હાડ-માંસ-ચરબી રુધિર આદિથી રહિત છે, અને ઉત્તમ પુદ્ગલોનું બનેલું છે માટે વિશુદ્ધ છે. મનમાં સંશય ઉત્પન્ન થતાં તેના સમાધાન માટે અથવા તીર્થંકરની ઋદ્ધિ જોવાની ઈચ્છા થતાં તીર્થંકરની પાસે જવા ચૌદ પૂર્વધર મુનિ એક હાથનું શુભ્ર સ્ફટિક જેવું સુંદર શરીર બનાવે છે ગમે તે તરફથી વેગવાળી ગતિથી મહાવિદેહમાં જાય તો માર્ગમાં ક્યાંય વ્યાઘાત પામતું નથી, તેથી અવ્યાઘાતિ છે. (જ્યાં જવું શક્ય નથી) તીર્થંકર ભગવંતની પાસે ઔદારિક શરીરથી ન જઈ શકાય આથી ચૌદ પૂર્વધર મુનિ દૂર રહેલા તીર્થંકરના ચરણોમાં જવા આહારક શરીરની રચના કરે છે, કાર્ય પૂરું થતા તે શરીરનો ત્યાગ કરે છે. આ શરીર વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી જ રહે છે.

**નારક - સંમૂર્છિનો નપુંસકાનિ** — ૨:૫૦

સૂત્રાર્થ: નારક અને સંમૂર્છિમ જીવો નપુંસક છે.

**ન દેવાઃ** — ૨:૫૧

સૂત્રાર્થ: દેવો નપુંસક હોતા નથી

ભાવાર્થ: ઉપરના બંને સૂત્રોનો ભાવાર્થ વિચારીએ.
વેદના દ્રવ્યવેદ અને ભાવવેદ એમ બે ભેદ છે.
જીવોના શરીરનો બાહ્ય આકાર દ્રવ્ય વેદ-લિંગ છે. અને મૈથુનની (વિષય સેવનની) ઈચ્છા એ ભાવ વેદ-લિંગ છે. શરીરની વિશેષતાઓના કારણે જીવોના ત્રણ વિભાગ પડે છે. પુરુષ, સ્ત્રી, અને નપુંસક. જે આકારથી જીવ પુરુષ રૂપે ઓળખાય તે પુરુષ વેદ. જે આકારથી જીવ સ્ત્રી રૂપે ઓળખાય તે સ્ત્રીવેદ. જે આકારથી જીવ નપુંસક રૂપે ઓળખાય તે નપુંસક વેદ.

ભાવવેદ મોહનીય કર્મના ઉદયથી થાય છે. સ્ત્રી સાથે વિષયસેવનની ઈચ્છા તે પુરુષ વેદ. પુરુષ સાથે વિષય સેવનની ઈચ્છા તે સ્ત્રીવેદ. પુરુષ-સ્ત્રી બંને સાથે વિષય સેવનની ઈચ્છા તે નપુંસક વેદ. નારક તથા સંમૂર્છિમ જીવોને નપુંસક વેદ હોય છે.

દેવો નપુંસક હોતા નથી. એટલે દેવલોકમાં દેવ કે દેવી એમ સ્ત્રી અને પુરુષ બીજા બે જ વેદ હોય છે. બાકીના ગર્ભજ મનુષ્ય તથા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણે વેદો હોય છે.

હવે આચાર્યશ્રી આયુષ્યના ભેદ સમજાવી બીજો અધ્યાય પૂર્ણ કરે છે.

**ઔપપાતિક - ચરમદેહ - ઉત્તમપુરુષ - અસંખ્યેય વર્ષ આયુષ: અનપવર્તિ - આયુષ:** 2:52

(તે જ ભવમાં મોક્ષે જનારા ચરમ શરીરી જીવો)

સૂત્રાર્થ: ઉપપાત જન્મવાળા [દેવ અને નારક], ચરમ શરીરી [illegible] ] ઉત્તમ પુરુષ (૬૩ શલાકા), અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા [મનુષ્ય અને તિર્યંચ], (એ બધા) અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે.

[બાકી બધા] આયુષ્યવાળા હોય છે.

ભાવાર્થ: ચારગતિ રૂપ સંસારમાં આયુષ્ય વિષે જુદી જુદી માન્યતા પ્રવર્તે છે. કોઈ કહે છે કે પૂર્વજન્મમાં આયુષ્ય જેટલું બાંધ્યું હોય તે પૂર્ણ થાય એટલે પૂરું ભોગવાઈ જાય એટલે મૃત્યુ થાય છે. કોઈ કહે છે કે આયુષ્ય પૂર્ણ થયા પહેલા શસ્ત્ર વગેરે નિમિત્તથી મૃત્યુ થાય છે. તો સત્ય શું?

પૂ. આચાર્યશ્રી કહે છે કે બંને વાત સત્ય છે. મૃત્યુ અકાળે અને કાળે બંને રીતે સંભવે છે. કારણ કે આયુષ્યના બે ભેદ છે.

(૧) અપવર્તનીય અને (૨) અનપવર્તનીય.

જો આયુષ્ય અપવર્તનીય હોય તો અકાળે મૃત્યુ થઈ શકે અને જો અનપવર્તનીય હોય તો કદી પણ અકાળે મૃત્યુ ન થાય.

હવે અનપવર્તનીય આયુષ્ય કોનું હોય?

૧) ઉપપાત જન્મવાળા (ઔપપાતિક) (દેવ-નારક), ૨) ચરમશરીરી, ૩) ઉત્તમ પુરુષ (૬૩ શલાકા પુરુષ), અને ૪) અસંખ્ય વર્ષ આયુષ્યવાળા (યુગલિક તિર્યંચ મનુષ્યો) એ ચાર પ્રકારના જીવોનો અનપવર્તનીય આયુષ્ય હોય છે.

(૧) ઉપપાત જન્મવાળા સર્વ દેવો અને સર્વ નારકીના જીવો

(૨) ચરમશરીરી એટલે જેનો આ શરીર છેલ્લું છે. જેને શરીર ફરીથી ગ્રહણ કરવાનું નથી. આથી તે જ ભવે મોક્ષે જનારા જીવો. આવા ચરમ શરીરી એવા મનુષ્યોનું આયુષ્ય અનપવર્તનીય હોય છે.

(૩) ઉત્તમ પુરુષ: એટલે ૬૩ (ત્રેસઠ) શલાકા પુરુષો. (૨૪ તીર્થંકર ભગવંતો + ૧૨ ચક્રવર્તી + ૯ વાસુદેવો + ૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવ = ૬૩ શલાકા પુરુષો હોય).

(૪) અસંખ્યેયવર્ષાયુષ એટલે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચો અને યુગલિક મનુષ્યો. ૧૫ કર્મભૂમિમાં – ઉત્સર્પિણી કાળમાં છેલ્લા ત્રણ આરામાં અને અવસર્પિણી કાળમાં પહેલા ત્રણ આરામાં યુગલિકોનું આયુષ્ય અસંખ્યાત વર્ષોનું હોય છે.

આયુષ્ય
- અપવર્તનીય
  - સોપક્રમ (કોઈપણ નિમિત્ત થી અકાળે આયુષ્ય પૂરું થાય)
- અનપવર્તનીય
  - સોપક્રમ (નિમિત્ત મળે તો પણ આ પ્રકારના આયુષ્યની સ્થિતિ (કાળ) ઘટે નહિ) પણ મૃત્યુમાં નિમિત્ત કારણ બને:
  - નિરુપક્રમ (કોઈપણ નિમિત્ત પ્રાપ્ત કર્યા વિના સ્વાભાવિક પૂર્ણ થાય)

દા.ત. ગજસુકુમાલ નું આયુષ્ય એ જ પણ પૂરું થયું નથી પણ અંતિમ સમયે અંગારાની પાઘડી નિમિત્ત બની.

: અધ્યાય - ૨ સંપૂર્ણ :